
# મુડીરોકાણ માટેનું વાતવરણ સર્જીશું : વડાપ્રધાન

નવી દિલ્હી,તા. ૨૨

વડાપ્રધાન મનમોહનસિંહે આર્થિક સુધારાઓ અંગે મક્કમ રહીને આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે દેશમાં મુડીરોકાણ માટેનું વાતાવરણ સર્જવા માટે વધુ પગલા લેવામાં આવશે. સિંહે કહ્યું હતું કે રોકાણને આકર્ષિત કરી શકાય તેવા પર્યાવરણની રચના કરવામાં આવી રહી છે. કાયદાકીય પ્રક્રિયા અંગે અસરકારક રેગ્યુલેટર સંસ્થાની પણ તેમણે તરફેણ કરી હતી. એશિયામાં આર્થિક વિકાસ અને કોર્પોરેટ પર્યાવરણમાં આવેલા ફેંરફાર અંગે પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે સરકાર કોર્પોરેટ કાયદાઓમાં આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને પહોંચી વળવા માટે કટિબદ્ધ છે. સરકાર ટુંક સમયમાં નવી કંપની બિલ સંસદ સમક્ષ રજૂ કરશે.

મનમોહનસિંહે આર્થિક સ્થિતિ અંગે વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, જો દરેક બાબત યોગ્ય દિશામાં આગળ વધશે તો વિશ્વનાં અર્થતંત્રમાં એશિયાની હિસ્સેદારી ૨૦૫૦ સુધી અડધાથી પણ વધુ થઈ જશે. હાલમાં વિશ્વ અર્થતંત્રમાં એશિયાની હિસ્સેદારી ૨૭ ટકા આસપાસ છે. એશિયન અર્થતંત્રોમાં મજબૂતી વિશ્વનાં આર્થિક ઈતિહાસમાં મહત્વપૂર્ણ ઘટનાક્રમ પૈકી છે. એશિયન કોર્પોરેટ સેક્ટર અભૂતપૂર્વ સફળતા માટે પ્રશંસાપાત્ર છે. કોર્પોરેટ સેક્ટર દ્વારા આવનાર વર્ષોમાં પણ ઘણાં પડકાર રહી શકે છે. અમને આધુનિક, અસરકારક અને સ્પર્ધાત્મક કંપનીઓ તરફ આગળ વધવી જરૂર છે. વિશ્વમાં શ્રેષ્ઠ



કંપનીઓ સાથે સ્પર્ધા કરવી પડશે. વૈશ્વિક મૂડી રોકાણકારણોની અપેક્ષાઓ વધી ગઈ છે. અમારી બેંકિંગ અને નાણાંકીય વ્યવસ્થા અસરકારક અને સ્થિર દેખાઈ રહી છે. અમને એક વાતાવરણની રચના કરવાની જરૂર છે કે જે મૂડી રોકાણને આકર્ષિત કરી શકે. અમારાં દેશમાં સાંસ્કૃતિક, ઐતિહાસિક, ભૌગોલિક, કાયદાકીય વ્યવસ્થામાં અંતર છે. કોર્પોરેટ ગવર્નન્સમાં તમામ સંબંધિતો પ્રત્યે વધુ જવાબદારીની બાબતનો સમાવેશ થાય છે.

પરિષદમાં તેમણે કહ્યું હતું કે અમે એવુ વાતાવરણની રચના કરવા જઈ રહ્યા છીએ જે વધુ રોકાણને આકર્ષિત કરી શકે. અસરકારક અને પારદર્શક તેમજ વાજબી રેગ્યુલેટરી સંસ્થાઓ સ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

કાયદાકીય પ્રક્રિયા વધુ અસરકારક બનાવવાની હિલચાલ ચાલી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સંચાલનની પ્રક્રિયાને વધુ જવાબદારીપૂર્વકની બનાવવા સરકાર કટિબદ્ધ છે. આ સદીમાં થયેલા અનેક ફેરફારની વાત કરતા તેમણે કહ્યું હતું કે સરકાર આગામી દિવસોમાં આવનાર પડકારોને પહોંચી વળવા અને તેમનો અસરકારક રીતે સામનો કરવા વાણિજ્ય અને કોર્પોરેટ કાયદાઓમાં ચકાસણી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે સિક્યુરિટી માર્કેટના ધારાધોરણો, સ્પર્ધા જેવા ક્ષેત્રોમાં નવા કાયદાની જરૂરીયાત ઉભી થઈ રહી છે. સિંહે કહ્યું હતું કે અમે ટુંક સમયમાં જ નવી કંપની બિલ રજૂ કરીશુ. એશિયન સરકાર તરીકે વડાપ્રધાને કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ધારાધોરણ સ્થાપિત કરવાના બનતા તમામ પ્રયાસો થઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- નડિયાદ કોલેજ અચોક્કસ મુદ્દત માટે બંધ, ભારત બંધ સમયે થયેલ તોડફોડનાં અનુસંધાને ટ્રસ્ટે લીધેલો નિર્ણય.
- ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પણ તબીબી કોલેજ સ્થપાશે.
- અમરેલીમાં ધોધમાર વરસાદ વરસ્યો.
- રાજીવ ગાંધી ઇક્વીટી મ્યુચલ ફંડ સેવિંગ્સ યોજના જાહેર થઇ,આવકવેરામાં રાહત મળશે.
- અમેરિકામાં અપહરણ કરાયેલ આમોદના યુવાનનો મૃતદેહ મળ્યો.
- સુરતમાં કરોડપતિઓ માટે ખાસ કોહિનૂર બેંક સ્થપાશે.
- કરીના કપૂર અને સૈફઅલી ખાન કોર્ટ મેરેજ કરી તેવી સંભાવના.
- સીંગતેલના ભાવમાં કડાકો, રૂા. ૧૫૦ થી વધુ ભાવ ઘટ્યા.
- વિજ્ઞાન ભવનમાં વડાપ્રધાન સામે વિરોધ થયો, શર્ટ ખોલીને વિરોધ કરતો યુવાન.
- સોમવારે દિલ્હીમાં કેન્દ્રિય કેબીનેટ મળશે.
- સમાજવાદી પક્ષે એફડીઆઇ પર શ્વેતપત્રની માંગણી કરી.
- આસામમાં બ્રહ્મપુત્રામાં ઘોડાપુર, અડધાં આસામમાં પુર.
- આસામનાં જંગલોમાં મોટા પ્રમાણમાં હથિયારો ઝડપાયા.

## રાજકીય સ્થિતિ અંગે રાષ્ટ્રપતિ સાથે વડાપ્રધાનની વિસ્તૃત ચર્ચા

નવીદિલ્હી, તા.૨૨

શાસક યુપીએ સાથે તૃણમૂલ કોંગ્રેસે છેડો ફાડી લીધાનાં એક દિવસ બાદ મનમોહનસિંહ આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યા હતાં અને ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિ ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. સત્તાવાર સૂત્રોનાં જણાવ્યા મુજબ વડાપ્રધાને આ બેઠક દરમિયાન ખાતરી આપી હતી કે યુપીએ સરકાર સંસદમાં બહુમતી પુરવાર કરવા માટે પૂરતી સંખ્યા ધરાવે છે. તૃણમૂલનાં છ પ્રધાનો રાજીનામું આપી ચૂક્યા છે. પક્ષે યુપીએમાંથી ૧૯ સાંસદોનાં ટેકો પાછો ખેંચી લેવાનાં પત્રો રાષ્ટ્રપતિને આપી દીધાં છે. સરકારે ગૃહમાં ૩૦૦થી વધુ સાંસદોનો ટેકો હોવાનો દાવો કર્યો છે. મલ્ટી બ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ અને અન્ય સુધારાઓને લઈને તૃણમુલ કોંગ્રેસે યુપીએ સાથે છેડો ફાડી લીધો હતો. તૃણમૂલ સિવાય યુપીએ ૨૫૪ સાંસદોનો ટેકો ધરાવે છે. ૫૪૫ સભ્યોની લોકસભામાં અડધો આંકડો ૨૭૩નો છે. યુપીએને હાલ સમાજવાદી પાર્ટીનાં ૨૨, બહુજન સમાજ પાર્ટીનાં ૨૧, રાષ્ટ્રીય જનતાદળનાં ચાર સભ્યોનો ટેકો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં કેટલાંક દિવસોમાં યુપીએ સરકાર દ્વારા એકપછી એક આર્થિક સુધારાઓની જાહેરાત કરાઈ છે. આ સુધારાઓ પૈકી મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈનો ભારે વિરોધ થઈ રહ્યો છે. મમતાએ અગાઉ પણ આનો વિરોધ કર્યો હતો. આ વખતે સરકાર મક્કમતાપૂર્વક સુધારાઓને આગળ વધારી રહી છે.

## રોયનાં રાજીનામા બાદ જોશીને હવે રેલવેનો વધારાનો હવાલો

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્રીય પ્રધાન સી.પી.જોશીને આજે રેલવે મંત્રાલયનો વધારાનો હવાલો આપવામાં આવ્યો હતો. ડીઝલની કિંમતમાં ભાવ વધારો, રિટેલમાં એફડીઆઈને મંજુરી અને અન્ય ઘણાં નિર્ણયો સામેનાં વિરોધમાં મમતા બેનર્જીનાં પ્રધાનોએ ગઈકાલે રાજીનામાં આપી દીધાનાં એક દિવસ બાદ સી.પી.જોશીને આજે રેલવે મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ ભવનનાં પ્રવક્તા વેણુરાજા મોનીએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, સી.પી. જોશીને વડાપ્રધાન મનમોહનસિંહની સલાહનાં આધાર પર રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. કેબિનેટમાં ફેરફારની અટકળો વચ્ચે વડાપ્રધાન રાષ્ટ્રપતિને મળ્યાં હતાં. ત્યારબાદ આ અંગેની જાહેરાત

| રાજીનામું આપનાર મંત્રી |
|---|
| ૧. સુદીપ બંદોપાધ્યાય (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) |
| ૨. સબુટા રોય (શહેરી વિકાસ) |
| ૩. ચૌધરી મોહન (માહિતી અને પ્રસારણ) |
| ૪. સુલતાન અહેમદ (પ્રવાસ) |
| ૫. શિશીર અધિકારી (ગ્રામીણ વિકાસ) |
| ૬. મુકુલ રોય (રેલવે) |

કરવામાં આવી છે. સી.પી.જોશી હાલ માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય ધરાવે છે. રાષ્ટ્રપતિએ મુકુલ રોય અને તૃણમૂલનાં અન્ય પાંચ પ્રધાનોનાં રાજીનામાં સ્વીકારી લીધાં છે. તૃણમૂલ કોંગ્રેસે યુપીએ સરકારને તેનો ટેકો પાછો ખેંચી લીધો હતો. મમતાની પાર્ટી લોકસભામાં ૧૯ સાંસદો ધરાવે છે. અન્ય જે પ્રધાનોનાં રાજીનામાં વડાપ્રધાનની સલાહનાં આધાર ઉપર સ્વીકારી લેવામાં આવ્યા છે તેમાં રાજ્ય પ્રધાન સુદીપ બંદોપાધ્યાયનો સમાવેશ થાય છે. મમતા બેનર્જીએ ભાવ વધારા સામે યુપીએ સરકારેન મહેતલ પણ આપી હતી પરંતુ તેમની માંગણી તરફ ધ્યાન ન અપાતાં આખરે ટેકો પાછો ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો.

મમતા બેનર્જીએ આક્રમક વલણ અપનાવી સરકારમાંથી નીકળી જવાની જાહેરાત કર્યા બાદ તેમને મનાવવાનાં પ્રયાસો થયા હતાં પરંતુ મમતા બેનર્જીએ આ અંગે મક્કમતાપૂર્વક જવાબ આપીને પોતાનાં પ્રધાનોને રાજીનામું આપી દેવાનું કહ્યું હતું.

## કોલસા કાંડ તપાસમાં સાત શહેરોમાં સીબીઆઈનાં વ્યાપક દરોડા

નવીદિલ્હી, તા.૨૨

સીબીઆઈએ કોલસા કૌભાંડમાં તપાસ વધુ તીવ્ર બનાવી છે. સીબીઆઈએ ગ્રેસ ઈન્ડસ્ટ્રી લિમિટેડ અનેવિકાસ મેટલ પાવર લિમિટેડ સામે બે નવી એફઆઈઆર દાખલ કરી છે. હાલમાં ચાલી રહેલી કોલસા કૌભાંડમાં તપાસ સીબીઆઈ હવે વધુ ઝડપથી આગળ વધારીને પરિપૂર્ણ કરવા માંગે છે. દરમિયાનમાં સીબીઆઈની ટીમે નાગપુર, પુરૂલિયા, અસનસોલ અને૧૩ સ્થળો સહિત સાત શહેરોમાં એકસાથે દરોડા પાડ્યા હતાં. આ દરોડાઓનાં કારણે ભારે ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈ દ્વારા બીજીવખત આ પ્રકારનાં દરોડા પાડવામાં આવ્યાં છે.

સીબીઆઈ ૪ સપ્ટેમ્બરે પાંચ કેસ પહેલાંથી જ દાખલ કરી ચૂકી છે. જે કંપનીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે તેમાં જેએલડી યાવાતમલ, જેએએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કેએમઆરઆયર્ન એન્ડ સ્ટીલ, વીણીઆયર્ન અને નવભારતનો સમાવેશ થાય છે. ફોજદારી કાવત્રા અને વાસ્તવિકતા છુપાવવા બદલ આ કંપનીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. તપાસમાં સીબીઆઈએ દાવો કર્યો છે કે, આ કંપનીઓએ કોલસા બ્લોકની ફાળવણીમાં બિનજરૂરી લાભ લેવા માટે ચકાસણી સમિતિ સમક્ષ સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ કરાવી નહતી. સીબીઆઈએ આ સમગ્ર મામલામાં પહેલાંથી જ એએમઆર આયર્ન એન્ડ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડનાં ડિરેક્ટર અરવિંદ જયસ્વાલ અને મનોજ જયસ્વાલની પૂછપરછ કરી છે. અલબત્ત સીબીઆઈએ એફઆઈઆરમાં કોઈપણ સરકારી અધિકારીનાં નામનો ઉલ્લેખ કર્યો નથી. ચકાસણી સમિતિમાં ઉર્જા મંત્રાલય, કોલસા મંત્રાલય, રાજ્ય સરકારોનાં મુખ્ય સચિવોનાં અધિકારીઓ છે.

કોલસા બ્લોકની ફાળવણીનાં મામલામાં આ સમિતિ ઉંડી તપાસ કરી રહી છે. કોલસા બ્લોક ફાળવણીને લઈને દેશભરમાં હાલ ભારે હોબાળો રહેલો છે. દરોડા દરમિયાન સીબીઆઈનાં અધિકારીઓને ઘણાં વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યાં છે. જોકે આ સંબંધમાં વિગતો જાહેર કરાઈ નથી. કોલસા કૌભાંડ તપાસમાં ગ્રેસ ઈન્ડસ્ટ્રી લિમિટેડ, વિકાસ મેટલ એન્ડ પાવર સામે સકંજો મજબૂત બનાવવામાં આવ્યો છે.

## કારગીલ યુદ્ધમાં ભારતની વાયુ કુશળતા નબળી હતી

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકાના એક પ્રમુખ થિંક ટૈંકે પોતાના અહેવાલમાં કહ્યું છે કે કારગીલ યુદ્ધમાં ભારતની હવાઈ યુદ્ધ કુશળતામાં નબળાઈ નજરે પડી હતી. કારગીલ યુદ્ધ દરમિયાન ઘણી નબળાઈ સપાટી ઉપર આવી હતી. થિંક ટૈંકે ચેતવણી આપતા કહ્યું હતું કે પાકિસ્તાન અને ચીનની સાથે ભવિષ્યમાં યુદ્ધનો ખતરો બનેલો છે અને આવી સ્થિતિમાં ભારતીય સંરક્ષણ સંસ્થાઓએ આ મુજબ જ તૈયાર રહેવું પડશે. કાર્નેજી ઈંડોમેંટ ફોર ઈંટરનેશનલ પીસે પોતાના ૭૦ પાનાના અહેવાલ એયર પાવર એટ ૧૮૦૦૦ : ધ ઈન્ડિયન એરફોર્સ ઈન ધ કારગીલ વોરમાં જણાવવામાં આવ્યું છે કે ભારત માટે કારગીલ યુદ્ધ સુખદ રીતે પૂર્ણ થયું હતું છતાં ભારતીય હવાઈદળના યુદ્ધ પાઈલોટોએ આ યુદ્ધ દરમિયાન ઘણાં પડકારના કારણે પોતાની ગતિવિધીને મર્યાદિત કરી દીધી હતી. અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે આ રીતે ભારતીય યુદ્ધ પાઈલોટોએ મર્યાદિત રહેવાની ફરજ પડી હતી.

જો પાઈલોટોને વધુ સારી કરવાની તક મળી હોત તો પ્રદર્શન વધુ સારું રહ્યું હોત. ૭૦ પાનાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કારગીલ યુદ્ધથી પારદર્શકતા અને ભારતીય સેના તથા ભારતીય હવાઈદળના ટોચના અધિકારીઓ વચ્ચે સંકલનની અછત સપાટી ઉપર આવી હતી.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જમ્મુ કાશ્મીરમાં ગુપ્ત રીતે પાકિસ્તાની આતંકવાદીઓની ઘૂસણખોરીથી ગુપ્તચર સંસ્થાઓની નબળાઈ પણ સપાટી ઉપર આવી ગઈ હતી. અમેરિકન થિંક ટૈંકના આ અહેવાલથી ભારત સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે.

## મહેશ ભૂપતિ અને બોપન્ના પર પ્રતિબંધ સામે હાઇકોર્ટનો સ્ટે

બેંગ્લોર,તા. ૨૨

કર્ણાટક હાઈકોર્ટે ભારતનાં સ્ટાર ટેનિસ ખેલાડી મહેશ ભૂપતિ અને રોહન બોપન્ના ઉપર બે વર્ષનાં એઆઈટીએનાં પ્રતિબંધ ઉપર આજે સ્ટે મૂકી દીધો હતો. ૩૦ જૂન ૨૦૧૪ સુધી દેશનું પ્રતિનિધિત્વ કરવા પર આ બંને સામે પ્રતિબંધ મૂકવામાં આવતાં બંને ખેલાડીઓએ કોર્ટમાં અપીલ કરી હતી. શિસ્તનાં આધાર ઉપર આ બંને ખેલાડીઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન દ્વારા લાદવામાં આવેલાં બે વર્ષનાં પ્રતિબંધને પડકાર ફેંકીને એક અરજી દાખલ કરવામાં આવી હતી. જસ્ટીસ મોહને એઆઈટીએ તથા રમત-ગમત મંત્રાલયને નોટિસ જારી કરી હતી. જજે એઆઈટીએનાં નિર્ણય ઉપર મનાઈ હુકમ મૂક્યો હતો. વકીલ આદિત્ય સોંધીએ એઆઈટીએનાં નિર્ણયનાં સંબંધમાં રજૂઆત કરી હતી. બંને ખેલાડીઓ તરફથી રજૂઆત કરતાં સોંધીએ કહ્યું હતું કે, નિર્ણય પક્ષપાતપૂર્ણ છે કારણ કે બંને ખેલાડીઓની રજૂઆત સાંભળવામાં આવી નથી. મહેશ ભૂપતિએ હાલમાં જ રોહન બોપન્નાની સાથે ભારતની ડેવિસ કપ ટીમમાંથી તેમની હકાલપટ્ટી બદલ કોર્ટમાં જવા એઆઈટીએને ધમકી આપી હતી અને કહ્યું હતું કે, જો નેશનલ ટેનિસ ફેડરેશનની હિલચાલ કાયદાકીય છે તો અમે પણ આનો પડકાર ફેંકીશું. એઆઈટીએ દ્વારા હાલમાં જ ભુપતિ અને બોપન્ના સામે કઠોર નિર્ણય લીધો હતો. ૧૫ સપ્ટેમ્બરે ચંદીગઢમાં ન્યુઝીલેન્ડ સામે ભારતની યુવા ડેવિસ કપ ટીમે ૩-૦ની લીડ મેળવી લીધા બાદ આ પ્રતિબંધ અમલમાં મૂકવામાં આવ્યો હતો. દરમિયાનમાં હાઈકોર્ટનાં નિર્ણય અંગે પૂછવામાં આવતાં ભૂપતિનાં પિતા કૃષ્ણ ભૂપતિએ પ્રતિક્રિયા આપવાનો ઈન્કાર કર્યો હતો અને મામલો કોર્ટમાં હોવાથી તેઓ કોઈ ટિપ્પણી કરશે નહીં. સોંધીએ કહ્યું હતું કે, ભુપતિ અનો બોપન્નાએ એવા આધાર ઉપર નિર્ણયને પડકાર ફેંક્યો હતો કે પ્રતિબંધ મૂકતાં પહેલાં તેમને કોઈ નોટિસ આપવામાં આવી ન હતી.

## હેલ્થ ઈન્સ્યુરન્સ પ્રીમિયમમાં ૧૫ ટકાનો વધારો કરી દેવાશે

### ઓરિએન્ટલ ઇન્સ્યુરન્સ વધારો કરશે

નવી દિલ્હી, તા. ૨૨

હેલ્થ ઈન્સ્યુરન્સ પ્રીમિયમમાં પ્રતિ વર્ષ ૧૫ ટકા સુધીનો ખર્ચ વધી જવાની શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ જાહેર ક્ષેત્રોના ઈન્સ્યુરન્સ મેડીકલ ઈન્સ્યુરન્સ પ્રીમિયમમાં વધારો કરવા જઈ રહ્યા છે. ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સે કહ્યું છે કે તે છ વર્ષ સુધી વધારો ન કર્યા બાદ હવે વાર્ષિક ખર્ચમાં આશરે ૧૫ ટકાનો વધારો કરશે. ઊંચા ખર્ચના અનુસંધાનમાં હેલ્થ ઈસ્યુરન્સ પ્રીમિયમમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવનાર છે. મેડીક્લેઈમ બ્રાન્ડ હેઠળ હેલ્થ ઈસ્યુરન્સ વેચનાર અન્ય સહકારી કંપની પણ આ દિશામાં આગળ વધીનો ઈન્સ્યુરન્સ પ્રીમિયમમાં વધારો કરી શકે છે. નફામાં બિઝનેસ ચાલે તે હેતુસર આ ગણતરી કરવામાં આવી રહી છે. ચાર કંપની ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ, નેશનલ અને યુનાઈટેડ ઈન્ડિયા ઉપરાંત ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સની માર્કેટ હિસ્સેદારી ૯૦ ટકાની આસપાસ છે.

ન્યુ ઈન્ડિયા દ્વારા થોડાક વર્ષ અગાઉ નવી પોલીસી લોંચ કરવામાં આવી હતી. ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ કે સક્સેનાએ કંપનીના પરિણામોની જાહેરાત કરતા પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે વ્યક્તિગતો માટે સરેરાશ વધારો કરવામાં આવનાર છે. ગ્રૂપ ઈન્સ્યુરન્સ માટે વધારો ખર્ચાળ સાબિત થઈ શકે છે. જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે કારોબારી અધિકારીઓનું કહેવું છે કે પ્રવર્તમાન ખર્ચમાં પાંચ વર્ષ અગાઉ જે સ્થિતિ હતી તેની સરખામણીમાં ખર્ચમાં વધારો થયો છે. મેડીકલ ખર્ચ સતત વધી ગયો છે. નાણાંના નુકસાનને રોકવા માટે નવી ગણતરી કરવામાં આવી રહી છે. સૂત્રોનું કહેવું છે કે સરેરાશ જાહેર ક્ષેત્રની કંપનીઓ મેડીક્લેઈમ અને અન્ય ચાર્જ તરીકે રૂપિયા ૧૦૦ ચૂકવે છે. પ્રીમિયમ તરીકે વસૂલ કરવામાં આવેલા દરેક ૧૦૦ રૂપિયા પર આ પ્રકારનો ચાર્જ હોય છે. સિનીયર સિટીઝનો માટે આ આંકડો ૧૫૦ રૂપિયાનો છે. યુવા પેઢીમાં પણ ઈન્સ્યુરન્સની બોલબાલા હવે વધી છે.

## સંસદમાં એફડીઆઇ અંગે ઠરાવ લાવવા નિર્ણય

કોલકાતા, તા.૨૨

યુપીએ-૨ સરકારમાંથી છેડો ફાડી લીધાનાં એક દિવસ બાદ તૃણમૂલ કોંગ્રેસે આજે સંસદનાં આગામી સત્રમાં એફડીઆઈ અંગે એક ઠરાવ લાવવાનો નિર્ણય કર્યો હતો. પક્ષની મિટીંગ યોજાયા બાદ વરિષ્ઠ નેતા અને પૂર્વ શહેરી વિકાસ પ્રધાન સોગટા રોયે કહ્યું હતું કે, સંસદનાં આગામી સત્રમાં એફડીઆઈ અંગે એક ઠરાવ લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યનાં સચિવાલયમાં આ મિટિંગ યોજાઈ હતી. પક્ષનાં સાંસદોએ ૨૬ સપ્ટેમ્બરે નવીદિલ્હીમાં જોરદાર દેખાવો કરવાનો પણ નિર્ણય કર્યો છે. ગઈકાલે રાષ્ટ્રને નામ સંબોધનમાં વડાપ્રધાને ઉઠાવેલાં મુદ્દા અંગે વાત કરતાં રોયે કહ્યું હતું કે, આ બિનઅપેક્ષિત નિવેદન હતું. ૧૫મી ઓગસ્ટે સામાન્ય રીતે આ પ્રકારનું નિવેદન કરવામાં આવે છે. આ નિવેદન કોઈણ પણ પ્રેરણા આપતું નથી.

### વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

પૌલની, પ્રસિધ્ધિના ગાળા દરમિયાન ઘણાં બધાં લોકોએ પોતપોતાના દેશમાં મગર, ગીની પીગ, ચિમાન્ઝી, પીગ્મી હીપોપોટેમસ, ટેમેરીન વાનર જેવા પ્રાણીઓની મદદથી આગાહીઓ કરવાની કોશિષ કરી હતી. પરંતુ 'પૌલ' ઓક્ટોપસ જેટલી પ્રસિધ્ધિ કે સફળતા કોઇને ન મળી. ઇંગ્લેન્ડ ખાતે યોજનારા વર્ષ ૨૦૧૮ ના 'ફીફા વર્લ્ડ ફૂટબોલ કપ' ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે 'પૌલ' ઓક્ટોપસને ઓફિશિયલી નિયુક્ત કરવામાં આવેલ છે.

જુદા જુદા આકારો, ચિત્રો, ઓળખી શકતાં, રમકડાં રમતાં, દુશ્મનથી ભાગવા માટે સાહી છોડતાં, પરવાળા અને અન્ય દરિયાઇ જીવો જીવો જ આકાર ધારણ કરી શકતાં, કાચની બરણીનું આંટાવાળું ઢાંકણું ખોલી શકતાં અને નાળિયેરના કવચનું ઘર બનાવીને આશરો મેળવતાં ઓક્ટોપસ જીવો રહસ્યોમય છે. હજ્જારો વર્ષોના અનુકૂલનની આ ઉપજ છે કે બુધ્ધિનો એક ભાગ તે સંશોધનનો વિષય છે. પરંતુ ઓક્ટોપસ તેમના માતા-પિતાની સાથે ખુબ જ ઓછા સમય માટે રહેતાં હોઇ તેમનાં પાસેથી શીખ્યા નથી તેવું કહી શકાય.

પૃથ્વી પરની આટઆટલી વિવિધતાઓ માનવો માટે પ્રેરણારૂપ તો છે જે પણ સાથે સાથે એક શીખ પણ આપે છે કે આ પૃથ્વી પર આપણે માનવો એકલા વિશિષ્ટ નથી. અસંખ્ય જીવો વિશિષ્ટ છે. જે તેઓ કરી શકે છે તેવું માનવો કરી શકે તેમ નથી. તેથી જીવવાનો હક્ક તેમનો પણ માનવ સમાજ જ છે.

## ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે આજે રોમાંચક જંગ ખેલાશે

કોલંબો,તા. ૨૨

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપમાં આવતાકાલે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. જો કે આ મહત્વપૂર્ણ મેચ પહેલા જ ટીમ ઈન્ડિયાની તકલીફમાં વધારો થયો છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓ હાલ અસ્વસ્થ દેખાઈ રહ્યા છે. ઈંગ્લેન્ડની સામે મહત્વપૂર્ણ મેચ રમાય તે પહેલા જ ટીમના બે સ્ટાર ખેલાડી બિમાર દેખાઈ રહ્યા છે. આ બન્ને ખેલાડી આવતીકાલની મેચમાં રમશે કે કેમ તેને લઈને ભારે અનિશ્ચિતા છે. પ્રથમ ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમના સ્ટાર ખેલાડી યુવરાજ સિંહ અને સુરેશ રૈના અસ્વસ્થ છે. રૈનાના પેટમાં દુખાવો છે. જ્યારે યુવરાજ સિંહના ગળામાં ઈન્ફેકશન છે. અફઘાનિસ્તાનની સામે જીતમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર યુવરાજે કોઈ ટિપ્પણી કરી નથી. આ મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાનાર છે. મેચને લઈને મોટા ભાગની ટિકિટો વેચાઈ ચુકી છે. બન્ને ટીમોના સ્ટાર ખેલાડીને જોવા માટે તમામ ચાહકો ઉત્સુક છે. રૈના અને યુવરા બન્ને મેડિકલ સ્ટાફની દેખરેખ હેઠળ છે. બન્ને અસ્વસ્થ હોવાના કારણે કેપ્ટન ધોની વધારે ચિંચિત દેખાઈ રહ્યો છે. અફઘાનિસ્તાન જેવી નબળી ટીમ સામે પણ ખુબ મુશ્કેલીથી જીત મેળવનાર ટીમ માટે નવી સમસ્યા વધી છે. વિરેન્દ્ર સહેવાગ અને ગૌતમ ગંભીરની સ્ટાર ઓપનિંગ જોડી પર હાલમાં નિષ્ફળ રહી છે. જે નવી સમસ્યા ઉભી કરે છે. જો ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી આવો જ નબળો દેખાવ કરશે અને સ્ટાર ખેલાડી અસ્વસ્થ રહેશે તો ટીમ ઈન્ડિયાનું સ્વપ્ન ફાઈનલમાં પહોંચવાનું પૂર્ણ થશે નહી. ગંભીર અને સહેવાગ ઉપરાંત ઝડપી બોલર ઝહીર ખાન પણ હાલ તકલીફ વધારી રહ્યો છે. શ્રીલંકાની સામે પ્રેકટીસ મેચમાં ગંભીર ચાર રન બનાવી રિટાયર્ડ હર્ટ થયો હતો. જ્યારે સહેવાગ ૧૨ રન બનાવી આઉટ થયો હતો. બન્ને વચ્ચે નવ રનની ભાગીદારી નોંધાવી હતી પાકિસ્તાન સામે પ્રેકટીસ મેચમાં ગંભીર ૧૦ રન અને સહેવાગ ૨૬ રન બનાવી આઉટ થયો હતો. અફઘાનિસ્તાન સામે પ્રથમ મેચમાં ગંભીર ૧૦ રન અને સહેવાગ આઠ રન બનાવી આઉટ થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે માત્ર ભારતીય ખેલાડીઓ જ નહી બલ્કે અન્ય ટીમોના સ્ટાર ખેલાડી પણ પરેશાન થયેલા છે.

ભારતીય ટીમ :- ધોની (કેપ્ટન), ગૌતમ ગંભીર (વાઈસ કેપ્ટન), અશ્વીન, બાલાજી, પિયુષ ચાવલા, અશોક ડીંડા, હરભજનસિંહ, ઝહીર ખાન, વિરાટ કોહલી, ઈરફાન પઠાણ, સુરેશ રૈના, વિરેન્દ્ર સહેવાગ, રોહીત શર્મા, મનોજ તિવારી અને યુવરાજસિંહ. ઈંગ્લેન્ડ ટીમ:- સ્ટુઅર્ટ બ્રોડ (કેપ્ટન), બ્રેયરસ્ટોવ, રવિ બોપારા, બ્રિસ્નેન, ડેની બ્રિગ્સ, જોસ બંટલર, ડર્નબૈચ, સ્ટીવ ફિન, એલેક્સ હેલ્સ, ક્રિસવેટર, માઈકલ લંબ, મોર્ગન, સમિત પટેલ, ગ્રીમ સ્વાન, રાઈટ

### વાત કાનૂન કાયદાની... (પાના નં. ૪ નું ચાલુ)

ત્યારબાદ આરોપીને વધુ તપાસ માટે કે મુદ્દા માલ રીકવરી હોય તો રીમાન્ડ અરજી પોલીસ અધિકારીએ કરવી જોઇએ. નામદાર કોર્ટ આરોપીને, વકીલને સાંભળી યોગ્ય હુકમ કરે છે.

ક્રિ. પ્રો. કોડની કલમ ૪૧(૧) (ડી) મુજબ પોલીસને કોઇ વ્યક્તિ પાસે ચોરીનો માલ હોવાનો શક હોય તો તેને તે વ્યક્તિની વિના વોરંટે ધરપકડ કરવાની સત્તા છે.

દા. ત. કોઇ વ્યક્તિ માલ લઇ જતી હોય અને પોલીસ રોકે અને પોલીસને સંતોષકારક જવાબ ના આપ શકે અગર તો માલ, સાધન, વાહનના બિલો કે માલિકીના પુરાવા ના આપી શકે તો પોલીસ આવી વ્યક્તિની ધરપકડ કરી માલસામાન વાહન ડિટેઇન જપ્ત કરી આગળની કાર્યવાહી કરે છે.

ઘણી વખત પેટ્રોલીંગ દરમિયાન પોલીસ અધિકારીની બાજ નજરમાં કેટલાંય ઘરફોડીયા ચોરો, લૂંટારાઓ કે ચોરીના વાહનો લઇ જતા ચોરો પકડાય છે અને પાછળથી મોટા ગુનામાં પર્દાફાશ થાય છે.

ધરપકડ ક્યારે, કોની કેવા સંજોગોમાં કરવી જોઇએ, તેમજ ધરપકડથી બચવા, કાયદાકીય રક્ષાત્મક પગલા લેવા, તેની સમજુતી આગામી લેખમાં સમાવવામાં આવશે.